## હા... સાહેબ !

“પધારો પધારો... ઘણી ખમ્મા મેઘરાજાને... ઘણી ખમ્મા..!!”

“વાહ..! આજ તો બહુ જ ખુશ લાગો છો..?!”

“હા...હા..! આજે તો ખુશીનો પાર નથી... લાપસીના આંધણ મુક્યા છે..! ઉકળાટ બાદનો વરસાદ કેવો વ્હાલો લાગે છે..!?! અને એટલે જ સમગ્ર વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ અને આશાઓ બંધાતી ગઈ..!”

“અ...હં..! વરસાદને જોઈને જાણે કવિતાઓ આવવા માંડી..?!”

“ના ભાઈ ના..! કવિતા આપણું કામ નહીં... પણ જેવું લાગે એવુ બોલી નાખ્યુ.. પછી તમે એને કવિતા કો’ તોય ભલે... કથા કો’ તોય ભલે... કે કકળાટ કો’ તોય ભલે..!!”

“વાત ગમે તે હોય... પણ મુડ છે કંઈ અલગ..! પણ હેં... સાહેબ... વરસાદ આવશે અને ધોધમાર આવશે... એટલે તમને ફાયદો થશે... એમ ? એટલે જોરદાર ફાયદો થશે..?!”

“ખરા છો તમેય..!! હજી પહેલા વરસાદમાં તમને ફાયદા અને ગેરફાયદા..! તમારે ને અમારે..! એવું સંકુચિત કેમ વિચારો છો..?!”

“સાહેબ... સંકુચિત નથી વિચારતા..! પણ આ તો તમારા વાળા એવું બોલે છે કે સાહેબનું નસીબ કેવું જોરદાર છે કે, વરસાદે જોરદાર ને પાક પણ જોરદાર... અને... દેશની સમૃદ્ધિ પણ..!!”

“હં...અ..! એ તો સારી વાત છે... સાહેબ કોઈ વ્યક્તિનું નસીબ નહીં... નસીબ દેશનું સારૂ છે, પણ આપણે વ્યક્તિઓ અને પક્ષોના ભાગલા પાડી પાડીને જ જીવીએ છીએ !”

“...પણ જોયું નહિ તમે..! અમારા રાજમાં કેટલા આતંકવાદીઓ મર્યા ને તમારા રાજમાં કેટલા આતંકવાદીઓ મર્યા... અમારા રાજમાં કેટલા જવાનો શહીદ થયા અને તમારા રાજમાં કેટલા જવાનો શહીદ થયા... અરે આ તો કોઈ રીત છે..?! શાસનની સરહદો છોડીને દેશની સરહદોનો વિચાર કરો..! પક્ષની ચિંતન શિબિર કે ચિંતા શિબિર જે કરવું હોય તે કરો..! પણ, દેશની ચિંતન શિબિર કરો..!! ખરૂને...?!”

“એકદમ સાચી વાત છે..! પણ ખાટલે ખોડ એ છે અમારા વાળા હોય કે તમારા વાળા... માત્ર ને માત્ર સ્વાર્થ, સ્વાર્થ ને સ્વાર્થ... ચૂંટણી, ચૂંટણી ને ચૂંટણી..!! સાવ નીચે ઉતરતા જાય છે બધા..!”

“હં...અં... અમારે ત્યાં તો ઠીક છે પણ તમારે ત્યાં તો ત્રણ સાંધો ને તેર તુટે જેવો ઘાટ છે..!”

“એટલે એટલે એટલે..!”

“જુઓને..! તમારા ત્યાં પહેલાં તો કાંકરા ખરતાં’તા, હવે તો ગાબડા પડે છે..!! આખુ બધુ કડડડભુસ ના થઈ જાય એવું જોજો... આ જીવાભાઈનું તો પત્યું નથી... અને કુંવરજીભાઈનો કકળાટ ચાલુ થયો..! અને વિક્રમભાઈ તો ઉભા છે... બાકી અમારા ત્યાં તો બધા દબાયા... ચંપાયા..!! જયજયકાર કરે છે..!”

“સાહેબ બાંધી મુઠ્ઠી સવાલાખની.!! તમારા ત્યાં ય બધુ સબળ-ડખળ છે..!! ક્યારે ક્યાંથી પડશે... તેનું ધ્યાન રાખજો..!! યશવંતજી તો ગયા... શત્રુઘ્ન બારણે છે... ને નિતિશકુમારે ચાલુ કરી છે દાદાગીરી... બધું રાખો..!”

“જવાદો..!! જવાદો..!! આ કકળાટની વાતો..! ઉજાણી કરીએ..! આનંદનો ઓચ્છવ મનાવીએ... ને સૌને વરસાદ મુબારકબાદી પાઠવીએ..!!”

“આવો સાથે મળીને ગાઈએ ‘આવરે વરસાદ’...!!”

# શહેરમાં મેઘરાજાની પધરામણી

**અડધા ઇંચ વરસાદથી સેક્ટરોમાં પાણી : આકરા બફારા વચ્ચે વરસાદના આગમનથી વાતાવરણ ખુશનુમા બન્યુ : મહત્તમ અને લઘુત્તમ તાપમાન પણ ઘટયુ સાંજે ભેજના પ્રમાણમાં નોધપાત્ર વધારો**

### પેવર બ્લોકના લીધે માર્ગો પર વરસાદી પાણી ફરી વળ્યા

સેકટરોમા વરસાદના આગમન સાથે સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણીનો ભરાવો થઈ ગયો હતો. શહેરના મુખ્ય માર્ગો પર વરસાદી પાણી ભરાયુ હતુ. પરંતુ થોડીવારમાં જ પાણીનો નિકાલ થઈ ગયો હતો. જયારે સેકટરોમાં પેવર બ્લોકની કામગીરીના લીધે માર્ગો પર પાણીનો ભરાવો વધુ થયો હતો. નવા સેકટરોમાં થોડા સમય અગાઉ જ માર્ગ સુધારણાનુ કામ હાથ ધરાયુ હતુ. જયારે માર્ગોની આસપાસ અને કોમન પ્લોટમાં સ્થાનિકોએ કોર્પોરેશનના સહયોગથી પેવર બ્લોકનુ કામ કરાવી દેતા માર્ગો નીચાણમાં ધકેલાઈ ગયા છે. જેના લીધે વરસાદી ઝાપટામાં પણ સેકટરોના માર્ગો પર જળબંબાકારની સ્થિતિ સર્જાય છે. પેવર બ્લોક ખોલવામાં ન આવતા માર્ગોનુ અસ્તિત્વ જોખમાયુ છે.




ગાંધીનગર તા ૨૫

શહેરમાં આજે બપોરે મેઘરાજાનુ ધમાકેદાર આગમન થતા ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. સવારથી વાદળિયા વાતાવરણ વચ્ચે ગમે ત્યારે વરસાદ વરસશે તેવી આશ નગરજનોમાં પ્રબળ બની હતી. જયારે બપોરના સમયે અચાનક જ આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયા હતા. પલવારમાં જ વરસાદ શરૂ થઈ ગયો હતો. વરસાદી વાયરા વચ્ચે ભારે ઝાપટુ વરસતા સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણીનો ભરાવો થઈ ગયો હતો. જયારે વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી હતી. આકરા બફારા વચ્ચે મેઘરાજાની પધરામણી થતા નગરજનોએ ભીંજાવાની પણ મજા માંણી હતી. દિવસ દરમિયાન અડધો ઈંચ વરસાદ વરસ્યો હતો. વાતાવરણ પણ ખુશનુમા બની ગયુ હતુ.

શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી આકરી ગરમી વચ્ચે બફારનુ પ્રમાણ વધતા નગરજનો ગરમીથી ત્રસ્ત બન્યા છે. જયારે ગરમીના પારાની ચઢઉતર વચ્ચે આકરો ઉકળાટ અનુભવતા નગરજનો કાગડોળે વરસાદની વાટ નિહાળી રહયા છે. બીજીતરફ ખેડુતો પણ વાવણી ટાંણે હવે મેઘમહેર થાય તેની આશ સાથે નભ તરફ નજર માંડીને બેઠા છે. ત્યારે આજે સુરત સહીત દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ વરસતા રાજયમાં વરસાદનુ વિધિવત આગમન થઈ ગયુ હોવાનુ સ્પષ્ટ થયુ છે. જયારે ગાંધીનગરમાં પણ આજે મેઘરાજાએ સૌને વ્હાલથી ભીંજવી દીધા હતા. બપોરના સમયે અચાનક જ વરસાદી વાદળો આકાશમાં ઘેરાતા વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદ હમણાં જ તુટી પડશે તેવુ ચિત્ર સ્પષ્ટ થયુ હતુ. આ દરમિયાન અચાનક જ વરસાદ વરસવાનુ શરૂ થતા થોડીવાર માટે ધોધમાર ઝાપટુ વરસ્યુ હતુ. જયારે વરસાદી ઝાપટાના સાથે સેકટરોમાં ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. દિવસ દરમિયાન ૧૨ મી મી અલબત્ત અડધો ઈંચ વરસાદ વરસ્યો હતો. સેકટરોમાં માર્ગો તેમજ કોમન પ્લોટમાં વરસાદી પાણી ફરી વળ્યા

● અનુસંધાન પાન-૭ પર

# નાનામાં નાની વ્યક્તીની લાગણી અને વાતને પણ એટલુ જ મહત્વ આપજો : કોંગી નેતાઓ

ગાંધીનગર, તા. ૨૫

કોંગ્રેસ પક્ષે હંમેશા નાનામાં નાના વ્યક્તીની વાત અને લાગણીને કેન્દ્રમાં રાખી વહીવટને લોકાભિમુખ બનાવ્યો હતો તે વાત આજે નવા વરાયેલા હોદ્દેદારોએ યાદ રાખવી પડશે અને તે દિશામાં જ કામગીરીને આગળ ધબાવવાની રહેશે તેમ કોંગ્રેસના નેતાઓએ આજે પંચાયતના નવા વરાયેલા હોદ્દેદારોના કાર્યભાળ સંભાળવાના પ્રસંગે ઉપસ્થિત કાર્યકરોને સંબોધતાં જણાવ્યું હતું.

**સાદા છતાં દબદબાભર્યા સમારોહમાં પંચાયતના નવા પ્રમુખ-ઉપપ્રમુખે કાર્યભાર સંભાળ્યો**

● અનુસંધાન પાન-૭ પર



### કાર્યભાર સંભાળવાના સમારોહની સાથે સાથે...

- ગાંધીનગર જિલ્લા પંચાયતના નવા વરાયેલા પ્રમુખ શ્રીમતિ મંગુબેન પટેલ (ચૌધરી) અને ઉપપ્રમુખ ભરતભાઈ પટેલે પંચાયત ખાતે યોજાયેલા સમારોહમાં હાજરી આપવા પૂર્વે વિધાનસભા સંકુલ સામે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને ડૉ. આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પી હતી.
- આજે પંચાયતના પ્રાંગણમાં યોજાયેલા સમારોહમાં વિદાય લેતા પ્રમુખ રામાજી ઠાકોર અને તેમના સાથી સભ્યોની ગેરહાજરી સૌની ચર્ચાનો મુદ્દો બન્યો હતો.
- કાર્યભાર સંભાળવાના સમારોહનો શુભારંભ મનુષ્ય ગૌરવ ગાનના નૃત્ય સાથે થયો હતો આ પછી સ્વાગત ગીત અને દીપ પ્રાગટ્ય પણ કરાયુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા ૧૪મી જુલાઈએ નિકળશે

**રથયાત્રામાં હાથી , ઘોડા, બગી અને બેન્ડવાજા સાથે ૭૫ જેટલા વાહનો જોડાશે : જલારામ ધામ ખાતે મોસાળામાં ભાવિકો માટે મહાપ્રસાદનુ આયોજન આગામી ૧ જુલાઇના રોજ રથયાત્રા સમિતિની બેઠક યોજાશે**

ગાંધીનગર તા ૨૫

આગામી તા ૧૪ જુલાઈના રોજ ભગવાન જગન્નાથજીની ૩૪ મી ભવ્ય રથયાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ભગવાન જગન્નાથજીની રથયાત્રા સવારે ૭ કલાકે પંચદેવ મંદિર ખાતેથી પ્રસ્થાન કરશે. જય રણછોડ માખણ ચોરના જયઘોષ સાથે વર્ષ ૧૯૮૫ થી શહેરમાં અષાઢી બીજે પ્રસ્થાન થતી રથયાત્રાના સ્વાગત તેમજ આયોજન માટે તડામાર તૈયારીઓ પણ આરંભી દેવામાં આવી છે. ૨.૫ કી મી લાંબી રથયાત્રામાં એક હાથી, ઘોડાવાળી બગી, ૧૨ ઉંટલારી, સહીત ૭૫ નાના મોટા વાહનો જોડાશે. રથયાત્રા દરમિયાન ૨ હજાર કીલો કાકડી મગનો પ્રસાદનુ વિતરણ કરાશે. જયારે જલારામ મંદિર ખાતે ભગવાનના મોસાળમાં ભાવિકો માટે મહાપ્રસાદનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે.

શહેરમાં વર્ષ ૧૯૮૫ થી ભગવાન જગન્નાથજીની રથયાત્રાનુ આયોજન કરવામાં આવે છે. જયારે આ વર્ષે પણ આગામી તા ૧૪ જુલાઈના રોજ ભગવાન જગન્નાથજીની ૩૪ મી રથયાત્રાનુ ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. હાલ રથયાત્રા મહોત્સવને અનુલક્ષી તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. આ રથયાત્રામાં હાથી , ઘોડા અને બગી તેમજ બેન્ડવાજા સાથે ૫૦ જેટલા નાના મોટા વાહનો જોડાશે. જયારે ટ્રેકટર , ટ્રક ઉંટલારી અને કાર સહીત ૭૫ જેટલા વાહનો જોડાશે. ૨.૫ કી મી ની લાંબી રથયાત્રામાં અનેક સામાજિક , ધાર્મિક અને સેવાભાવી સંસ્થાઓ અને વેપારીઓ પણ જોડાશે. નગરમાં નિયત સ્થળેથી રથયાત્રા પસાર થાય ત્યારે રથયાત્રાનુ ભવ્ય સ્વાગત કરવા માટે પણ નગરજનો ઉત્સુક બન્યા છે. રથયાત્રાના ઠેર ઠેર સ્વાગત માટે તૈયારીઓ આરંભી દેવામાં

● અનુસંધાન પાન-૭ પર


## વધે આપની નામના એ જ અમારી શુભકામના...


મંગુબેન પટેલ


ભરતભાઈ પટેલ

જિલ્લા પંચાયતના સાતમા મહિલા પ્રમુખ બનવા માટે તેમજ સતત બીજી ટર્મ ઉપપ્રમુખ પદ શોભાવવા માટે આપને હાર્દિક અભિનંદન....

ઠાકોર બેચરજી સવધાનજી
(જિલ્લા પંચાયત સદસ્ય, ગાંધીનગર)
ઠાકોર સવિતાબેન બેચરજી
ઠાકોર ગાયત્રીબેન બેચરજી
ઠાકોર કેતૂલકુમાર બેચરજી
ઠાકોર કુ. કિરણબેન બેચરજી
મુ.પો. રાયસણ, તા.જી. ગાંધીનગર


# કલ્ચરલ ફોરમના કલાવર્ગો ૩જી જુલાઈથી આરંભાશે

**ડાન્સ, મ્યુઝિક, અભિનય, ચિત્ર અને વ્યક્તિત્વ વિકાસના વર્ગોમાં વર્ગદીઠ માત્ર ૪૦ને પ્રવેશ અપાશે**

ગાંધીનગર, તા. ૨૫

સાંસ્કૃતિક અને સાહિત્યિક કાર્યક્રમો દ્વારા આવનારી પેઢીમાં સંસ્કાર સિંચન અને તેમના ચારિત્ર્ય નિર્માણ માટે સતત પ્રયત્નશીલ ગાંધીનગર કલ્ચરલ ફોરમ આગામી જુલાઈથી ડાન્સ, અભિનય, ડ્રોઈંગ-પેઈન્ટિંગ, મ્યુઝિક અને વ્યક્તિત્વ વિકાસના અભ્યાસ વર્ગો શરૂ કરશે. ચાર મહિનાના આ સર્ટિફિકેટ કોર્સ દરમિયાન તમામ ક્ષેત્રોના સિદ્ધહસ્ત કલાકારો દ્વારા તાલીમ અપાશે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્તભાઈ જહાએ વિગતવાર માહિતી આપતાં જણાવ્યું છે કે, તા. ૩જી જુલાઈ-૨૦૧૮થી શરૂ થઈ રહેલી સ્કૂલ ઓફ ડાન્સ અને સ્કૂલ ઓફ ડ્રોઈંગ-પેઈન્ટિંગમાં ૮થી ૧૪ વર્ષ અને ૧૫ વર્ષથી વધુ વયજૂથ ; એમ બે ગ્રૃપમાં પ્રવેશ અપાશે. જયારે સ્કૂલ ઓફ મ્યુઝિક, સ્કૂલ ઓફ ડાન્સ અને સ્કૂલ ઓફ પર્સનાલિટી ડેવલોપમેન્ટમાં ૧૪ વર્ષથી વધુ વયની કોઈ પણ વ્યક્તિ પ્રવેશ મેળવી શકશે.

માત્ર રૂ. ૧૦૦૦ની ટોકન ફી સાથે ગાંધીનગરની કોઈ પણ વ્યક્તિ ચાર મહિનાના આ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકશે. પ્રવેશ મેળવવા ઈચ્છતી વ્યક્તિઓએ એડમિશન ફોર્મ ગાંધીનગર સમાચાર કાર્યાલય, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી મેળવીને તા. ૩૦ જૂન સુધીમાં ભરીને પરત પહોંચાડવાના રહેશે. પ્રત્યેક અભ્યાસક્રમમાં વર્ગદીઠ માત્ર ૪૦ વ્યક્તિઓને જ પ્રવેશ આપવાનો હોઈ, વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ અપાશે.

# નવા સચિવાલયની પાંચેય કેન્ટીનને રેસ્ટોરન્ટ લુક અપાશે

**સવા બે કરોડનો ખર્ચ થશે : કેન્ટીનમાં એ સી મુકવા પણ વિચારણા : રબર વુડ ફર્નિચર, વોલ પેઇન્ટીંગ અને લાઇટીંગના લીધે હોટલ જેવો લુક મળશે : કર્મચારીઓ માટે ખાદ્યસામગ્રીના વિવિધ સ્ટોલ્સ પણ ઉભા કરાશે**

ગાંધીનગર તા ૨૫

નવા સચિવાલયના બ્લોકમાં સ્થિત કેન્ટીનને રીનોવેશન કરવાનુ કામ હાથ ધરાયુ છે. સચિવાલયના વિવિધ બ્લોકમાં એક દાયકાથી વધુ સમય પુર્વે નિર્માણ કરાયેલી કેન્ટીનને નવા રૂપરંગ આપવા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. હવે કર્મચારીઓ સચિવાલયની કેન્ટીનમાં જશે ત્યારે તેમને રેસ્ટોરન્ટ જેવો માહોલ જોવા મળશે. કર્મચારીઓ રીસેશની હળવાશની પળોમાં હોટલમાં બેઠા હોય તેવી અનુભુતિ થશે. જયારે આ નવી કેન્ટીનમાં ખાદ્યસામગ્રીના એક જ નહીં નતનવા સ્ટોલ્સ પણ ઉભા કરાશે.

નવા સચિવાલયના વિવિધ બ્લોકમાં ફલોર મુજબ રીનોવેશન કામ હાથ ધરાયુ છે. જયારે સચિવાલયના વિવિધ બ્લોકમાં

● અનુસંધાન પાન-૭ પર


## ખોવાયેલ છે

ફોલીયો નં. : W 0043356
શેરફોલ્ડરનું નામ : ઘનશ્યામ દલસુખભાઈ મોદી, કુસુમબેન ઘનશ્યામભાઈ મોદી
સર્ટી નં. ૧૮૯૫૦ અને ૧૮૯૫૧
ડીસા નં. : ૨૬૦૫૨૫૫૧ - ૨૬૦૫૨૭૫૦
શેરની સંખ્યા : ૧૦૦ શેર ખોવાયેલ છે.
**મળે તો મો. નંબર ૯૮૭૯૩ ૮૦૦૬૧ પર કોન્ટેક્ટ કરવો**


# પંચાયત એટલે સંવાદથી સમસ્યા તરફની ગતિ : મંગુબેન પટેલ

**ગાંધી વિચારનું ગ્રામ સ્વરાજનું સપનુ સાર્થક કરવા માટે અમે બધુ જ કરી છુટીશુ : પ્રથમ અખબારી મુલાકાતમાં પેટા પરાના વિકાસ અને પાણી, પશુપાલન તેમજ કૃષિ-આરોગ્ય અંગે મહિલા પ્રમુખે વિચારો રજુ કર્યા**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધી વિચારમાં રજુ થયેલ ગ્રામ સ્વરાજનું સાચા અર્થમાં સપનુ સાકાર કરવુ અને તે દિશામાં કામગીરી કરવી એ મારૂ લક્ષ્ય છે તેમ નવા વરાયેલા મહિલા પ્રમુખ મંગુબેન ચૌધરીએ ગાંધીનગર સમાચારને આપેલ પોતાની પ્રથમ અખબારી મુલાકાતમાં કબુલ્યુ હતુ.

**પ્રશ્ન : તમે પંચાયતના વહીવટથી પરિચિત છો એટલે તકલીફ નહિ પડે ખરૂ ને ?**

મંગુબેન : પંચાયત એટલે સંવાદથી સમસ્યાના ઉકેલની ગતિ તરફ જવાનો માર્ગ છે અને અમે બધુ કરીશુ એવુ નહિ પણ આ માર્ગને વળગી અમે જિલ્લાના પ્રશ્નો ઉકેલીશુ.

**પ્રશ્ન : તમારી અગ્રતા શું હશે?**

મંગુબેન : મારી અગ્રતા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના જે પેટાપરાઓ છે ત્યાં આજે પણ સુવિધા અને વિકાસ પહોંચ્યો નથી એ પહોંચાડવો છે.

**પ્રશ્ન : તમે તો પશુપાલનની પ્રવૃત્તિ કરો છો ખરૂ ને ?**

મંગુબેન : હા, બિલકુલ મને એનુ ગૌરવ છે પણ જિલ્લામાં પશુપાલન ક્ષેત્રે ઘણુ બધુ ખૂટે છે તે કડીઓ જોડવાની જવાબદારી મારા શિરે છે તેનાથી હું વાકેફ છુ અને તે જોડીશ.

**પ્રશ્ન : આજે તમે અધિકારીઓ સાથે બેઠક કરી તેમાં શું કહ્યું ?**

મંગુબેન : મેં એમાં પરિવારની જેમ કામ કરવા કહ્યુ છે અને ખાસ કરીને દિકરીઓને ભણાવવા, સ્ત્રી જન્મદરમાં સુધાર આવે તેમજ આરોગ્યને લઈ કેટલીક વાતો કરી છે ઉપરાંત પેટા-પરાઓના વિકાસની પણ વાત કરી છે. ઝડપાથી કાગળોનો નિકાલ થાય અને બધા હળીમળી જિલ્લાને આગળ લઈ જઈએ.



**પ્રશ્ન : જિલ્લામાં ક્યા ખ્યાલ ઈચ્છો છો ?**

મંગુબેન : બધા ખાસ કામ છે પણ પીવાના પાણીના પ્રશ્નોનો ઉકેલ એ સૌથી પહેલી અગ્રતા છે. કૃષિ, પશુપાલન પણ એટલુ જ મહત્વનું છે. ખેડૂતોને વાવણી પહેલાં સરકારની સહાય યોજનાનો લાભ મળે તે જોવાનું છે. મહિલાઓમાં કુપોષણ ના રહે, માતાઓના મરણ સુવાવડ દરમ્યાન ઓછા થાય તેમજ સ્વસ્થ બાળક એ બધા ક્ષેત્રોમાં કામ કરવાનું છે આ બધા ખાસ ક્ષેત્રો છે.

**પ્રશ્ન : સંતુલિત વિકાસ કેવી રીતે કરશો ?**

મંગુબેન : રોડ બનાવ્યા પણ બસ સેવા નથી, શાળાઓ છે પણ શિક્ષકો નથી, દવાખાના છે પણ ડૉક્ટરો નથી. આ બધી બાબતો ઉપલબ્ધ કરાવી અને પછી જ હું ઝંપીને બેસીશ. સંતુલિત વિકાસ

● અનુસંધાન પાન-૭ પર


## ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com